# નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦,ગુજરાત

સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પત્ર જા.નં.આકૃયુ/ડીઆઈટી/૫૪૩-૫૪૪/૨૦૧૯ તારીખ:-૧૮/૦૧/૨૦૧૯
૨) સંશોધન નિયામકશ્રીના પત્ર જા.નં આ.કૃ.યુ/સ.નિ/ટી.૧/૩૨૨૫/૨૦૧૯ તારીખ:-૨૦/૦૭/૨૦૧૯
૩) સંશોધન નિયામકશ્રીના પત્ર જા.નં આ.કૃ.યુ/સ.નિ/ટી.૧/૧૦૨૧/૨૦૧૯ તારીખ:-૨૧/૦૫/૨૦૧૯
૪) સંશોધન નિયામકશ્રીના પત્ર જા.નં આ.કૃ.યુ/સ.નિ/ટી.૧/૧૦૪૭૦/૨૦૧૯ તારીખ:-૧૫/૦૨/૨૦૧૯

**GEM અંતર્ગત યુઝર આઈડી ખોલાવવા બાબત**
**તેમજ GEM પોર્ટલ પરથી ખરીદ કરવા બાબત.**

## પરિપત્ર

આથી આકૃયુના યુનિટ/ સબયુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરી તરફથી @gujarat.gov.in વાળા ઇ-મેઇલ આઈડી ખોલાવવા માટે તેમજ ત્યારબાદ સદર આઈડી મારફત GEM પોર્ટલ પર ખરીદી કરવા માટેના યુઝર આઈડી ખોલી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીએથી પ્રથમ તબક્કામાં આકૃયુ ખાતે સર્વે ડીડીઓશ્રીના GEM પોર્ટલ પર યુઝર આઈડી બનાવી આપવામાં આવ્યા છે અને તે અંગેની જાણ પણ કરેલ છે. ત્યારબાદ જે તે યુનિટ/ સબયુનિટના વડાશ્રી/ અધિકારીશ્રી / કર્મચારીશ્રીના યુઝર આઈડી ખોલીને તેમની જાણ કરેલ છે. પરંતુ @gujarat.gov.in ઇ-મેઇલવાળા આઈડી ખોલી જાય બાદ જે તે કર્મચારી/ અધિકારીશ્રી દ્વારા કેટલા કિસ્સાઓમાં અત્રેની કચેરીએથી મોકલવામાં આવેલ લીંક (કે જેના મારફત GEM પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું હોય છે.)તે તેને અવગણીને જાતે જ @gujarat.gov.in વાળા આઈડી મારફત ડાઇરેકટ GEM પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલ છે. આવા સંજોગોમાં GEM પોર્ટલ પર આણંદ કૃષિ યુનિવર્સિટીની અંદર તમામ યુનિટ/ સબયુનિટના યુઝર આઈડી એક થઈ શકતા નથી અને તે અંતર્ગત ટેકનીકલ વિસંગતાઓ તેમજ તેને અનુસંગિક પ્રશ્નો GEM પોર્ટલ પર ઉપસ્થિત થાય છે. આથી જ્યાં સુધી આ વિસંગતાઓ GEM પોર્ટલ પરથી દૂર ના થાય ત્યાં સુધી જે તે યુનિટ/ સબયુનિટ કક્ષાએ તેના ડીડીઓશ્રીના GEM પોર્ટલ પરના યુઝરઆઇડી થી ખરીદ કરવાની કાર્યવાહી ચાલુ રાખવી.

વધુમાં નીચે સહી કરનારને એ પણ ધ્યાનમાં આવેલ છે, કે કોઈ પણ એક આઈટમ કે જેની સંખ્યા અનુસાર કિંમત ૧,૦૦,૦૦૦ કે ૧,૦૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ ની અંદર થતી હોય કે ૫,૦૦,૦૦૦ થી વધુ થતી હોય તેવા કિસ્સાઓમાં અને GEM પોર્ટલ પરના નિયમો અનુસાર તેમજ કોઈ એક પાર્ટીને નિયત સમયમર્યાદામાં અને નિયત નક્કી કરેલ કુલ કિંમતના ઓર્ડર એક યુઝર આઈડીમાંથી કરવાના રહે છે. પરંતુ એવા કિસ્સા પણ ધ્યાનમાં આવેલ છે કે, જે તે યુનિટ/ સબયુનિટ મારફત GEM પોર્ટલ પર એક કરતા વધારે યુઝર આઈડી નો ઉપયોગ કરીને સદર કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ તેને આનુસંગિક ખર્ચ તો જે તે ફાળવેલ ગ્રાન્ટ/ બજેટ સદરે ઉગાવવામાં આવે છે કે, જે અંતર્ગત ભવિષ્યમાં ઓડીટને લગતા ફકરા પણ આવી શકે તેવી શક્યતા જણાય છે. જેથી જે તે ડીડીઓશ્રીએ જે તે યુનિટ/ સબયુનિટ વડાશ્રીઓએ અને યુનિવર્સિટી કક્ષાએ બીલ પાસ કરનાર અધિકારી/કર્મચારીશ્રીઓએ આ હકીકત ધ્યાનમાં લઈ આગળની કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટી હિતમાં નમ્રાતીનમ્ર વિનંતી કરવામાં આવે છે.

ઉપરાંત સર્વે ડીડીઓશ્રીઓ તેમજ યુનિવર્સિટી કક્ષાએ બીલ પાસ કરનાર જે તે કર્મચારી/ અધિકારીશ્રીઓને વિનંતી કે GEM પોર્ટલ પરથી ખરીદી કરવા અંગેના નિયમો સમયાંતરે બદલાતા રહે છે. તેથી તેને પણ ધ્યાનમાં લઈને યુનિવર્સિટી હિતમાં જેતે કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા નમ્રાતીનમ્ર વિનંતી કરવામાં આવે છે.

વધુમાં GEM પોર્ટલ ઉપર ખરીદી કઈ રીતે કરવી તેની તાલીમ અત્રેની કચેરીથી તેના આનુસંગિક નિયમો અને તેને ઉપયોગ કરવા માટેના વિડીયો ટ્યુટોરિયલ્સ પણ સરકારશ્રીએ રાખેલ છે. તે કોઈ પણ કર્મચારીશ્રી/અધિકારીશ્રી જોઈ શકે છે, અને માહિતી મેળવી શકે છે. તેમ છતાં જો હજુ પણ કોઈને આ અંગે કોઈ પણ પ્રકારની તાલીમની જરૂર હોય તો નીચે સહી કરનારનો સંપર્ક dit@aau.in પર કરી, અને ત્યારબાદ તાલીમ માટે આવી શકે છે. જે સર્વેને નમ્ર વિદિત થવા સારું.

જા.નં.આકૃયુ/ડીઆઈટી/૨૫૦-૨૫૮/૨૦૧૯
તા.૧૮/૦૯/૨૦૧૯

નિયામક
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

<u>નકલ સવિનય રવાના:</u>

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ નમ્ર જાણ સારુ.

૨) સંશોધન નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ નમ્ર જાણ સારુ.

<u>નકલ રવાના:</u>

૧) માન. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ, આણંદ તરફ નમ્ર જાણ સારુ.

૨) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ, આણંદ તરફ નમ્ર જાણ તેમજ ઘટતું થવા સારુ.

૩) આકૃયુના તમામ યુનિટ/સબયુનિટના વડાશ્રીઓ નમ્ર જાણ તેમજ ઘટતું થવા સારુ.